# માહિતી મેળવવા માટેની કાર્યવાહી

માહિતી મેળવવા માંગતી વ્યક્તિએ નિયમ-૫ (ક) માં ઠરાવેલી ફી રૂ ૨૦ (વીસ) સાથે '**નમૂના-ક**' માં અથવા '**નમૂના-ક**' માં ઠરાવેલી તમામ આવશ્યક વિગતો ધરાવતી અરજી, સ્વચ્છ રીતે ટાઇપ કરીને અથવા સ્વહસ્તાક્ષરમાં અથવા ઈ-મિડીયા મારફત સબંધિત જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીને કરવી જોઇશે:

નિયમ-૫ ના ખંડ (ક) હેઠળ જોગવાઈ કર્યા મુજબની ફી

1) ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા
2) પે ઓર્ડર અથવા
3) નોન જ્યુડિશિયલ સ્ટેમ્પ પેપર અથવા
4) ફ્રેન્કીંગ દ્વારા સ્ટેમ્પીંગ અથવા ઈલેક્ટ્રોનિક સ્ટેમ્પીંગ અથવા
5) કોર્ટ ફી સ્ટેમ્પ અથવા
6) ઇન્ડિયન પોસ્ટલ ઓર્ડર અથવા
7) રેવન્યૂ સ્ટેમ્પ.

ગરીબી રેખા હેઠળના કુટુંબની વ્યક્તિ,ગરીબી રેખા હેઠળના કાર્ડની પ્રમાણિત નકલ અથવા ખરી નકલ અથવા સંબંધીત સત્તાધિકારીએ તે અર્થે કાઢી આપેલું પ્રમાણપત્ર અરજીની સાથે જોડે તો એવી વ્યક્તિએ નિયમ-૫ ના ખંડ (ખ) માં ઠરાયેલ કોઈ ફી અને ચાર્જ ભરવાના થશે નહિ.

## માહિતી મેળવવા માટેની ફી

(a) અરજી ફી:- અરજી દીઠ રૂ|. ૨૦

(b) અન્ય ફી અને ચાર્જ:-

1) જાહેર સત્તામંડળમાં નકલ આપવા માટેની ફી/ચાર્જ લેવા માટે અલગથી તંત્ર અથવા કાર્યરીતિ વિધમાન ન હોય, ત્યારે માહિતી/દસ્તાવેજો આપવા માટે-
   a) A૪, A૩ સાઈઝના કાગળ પર હોય, તો-પાના દીઠ રૂ|. ૨/-
   b) મોટી સાઈઝના કાગળ પર હોય, તો-તેની ખરેખરી કિંમત જેટલી રકમ.
2) જાહેર સત્તામંડળમાં ફી/ચાર્જ લેવા માટે અલગથી તંત્ર અથવા કાર્યરીતિ વિધમાન ન હોય, ત્યારે રેકર્ડની તપાસણી માટે-
   a) પ્રથમ અર્ધા કલાક માટે કોઈ ફી નહિ.
   b) ત્યાર પછી દરેક અર્ધા કલાક માટે રૂ| ૨૦/-
3) જાહેર સત્તામંડળમાં ફી/ચાર્જ લેવા માટે અલગથી તંત્ર અથવા કાર્યરીતિ વિધમાન ન હોય, ત્યારે નમૂના (સેમ્પલ), મોડેલ અથવા ફોટોગ્રાફ આપવા માટે તેની ખરેખરી કિંમત જેટલી રકમ.
   ➢ જયા માહિતી મેળવવા માટે કોઈ અલગથી સીસ્ટમ ઉપલબ્ધ હોય ત્યાં જરૂરી નિયત ફી ભરવા પાત્ર થશે.
4) જ્યાં શક્ય હોય ત્યાં ફ્લોપી અથવા ડિસ્કમાં પૂરી પાડવાની માહિતી માટે ફ્લોપી અથવા ડિસ્ક દીઠ રૂ|. ૫૦/-